(તા. ૨૯/૦૧/૨૦૨૫ના રોજના કચેરી હુકમ ક્રમાંક: અભય-૨૦૨૪-૨૫-૪૭૦-આર&ડી)

## પરિશિષ્ટ-૧

## આયોગ દ્વારા લેવામાં આવતી વિવિધ ભરતીઓની પ્રાથમિક પરીક્ષા સંદર્ભે 'સામાન્ય અભ્યાસ' વિષયનો નવો અભ્યાસક્રમ

માધ્યમ: ગુજરાતી

કુલ ગુણ: ૧૦૦

### ઇતિહાસ અને સંસ્કૃતિ

1. સિંધુખીણની સભ્યતા, વૈદિક યુગ, જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ.
2. મધ્ય એશિયા સાથેનો સંપર્ક તથા પરિણામો.
3. પ્રાચીન, મધ્યકાલીન તથા અર્વાચીન ભારતનાં તેમજ ગુજરાતનાં મુખ્ય રાજવંશો - તેમના શાસકો, વહીવટી તંત્ર, સામાજિક, ધાર્મિક અને આર્થિક પરિસ્થિતિ વગેરે.
4. ભક્તિ આંદોલન અને સુફીવાદ.
5. ભારતમાં યુરોપિયનોનું આગમન અને સર્વોચ્ચતા માટેનો તેમનો સંઘર્ષ, ભારતમાં કંપની શાસન, ભારતમાં બ્રિટિશ શાસનની સ્થાપના અને વિસ્તરણ, ભારત અને ગુજરાતમાં ૧૮૫૭ નો સ્વાતંત્ર્ય સંગ્રામ, ૧૯મી સદીમાં ભારત અને ગુજરાતમાં ધાર્મિક અને સામાજિક સુધારા આંદોલનો, ભારતની સ્વતંત્રતા માટેની ચળવળ, ભારત અને વિદેશમાં ભારતીય ક્રાંતિકારીઓ.
6. રાષ્ટ્રીય આગેવાનો તથા તેમનું વિવિધ ક્ષેત્રમાં યોગદાન.
7. આઝાદી પછીનું ભારત અને ગુજરાત.
8. ભારત અને ગુજરાતનો સાંસ્કૃતિક વારસો: કળાસ્વરૂપો, સાહિત્ય, શિલ્પ અને સ્થાપત્ય, સંગીત, નૃત્ય, વગેરે.
9. ભારત તથા ગુજરાતની સંત પરંપરા અને લોકમાનસ પર તેનો પ્રભાવ.
10. ભારત અને ગુજરાતની જીવન પરંપરા, મેળા, ઉત્સવો, ખાણી-પીણી, પોશાક, વગેરે.
11. ગુજરાતના સંગ્રહસ્થાનો, પુસ્તકાલય પ્રવૃત્તિ, સાંસ્કૃતિક-ધાર્મિક અને સાહિત્યિક મહત્વ, ગુજરાતી રંગભૂમિ: નાટકો, ગીતો અને વિવિધ નાટ્યમંડળીઓ, વગેરે.
12. આદિવાસી જનજીવન: તહેવારો, મેળા, પોશાક, ધાર્મિક વિધિઓ, વગેરે.
13. ગુજરાતી સાહિત્ય: પ્રવાહો, વળાંકો, સાહિત્યકારો, સાહિત્યિક રચનાઓ અને સાહિત્ય સંસ્થાઓ, ગુજરાતી ભાષા અને બોલીઓ, વગેરે.
14. ગુજરાતના તીર્થસ્થળો અને પર્યટનસ્થળો.

### ભારતીય રાજ્ય વ્યવસ્થા, બંધારણ, સામાજિક ન્યાય અને આંતરરાષ્ટ્રીય સંબંધો

1. ભારતીય બંધારણ: ઉદ્ભવ અને વિકાસ, લાક્ષણિકતાઓ, બંધારણની મહત્વની જોગવાઈઓ, અગત્યના બંધારણીય સુધારાઓ, અંતર્નિહિત માળખું, સમવાયતંત્રને લગતી બાબતો વગેરે

2. બંધારણીય સંસ્થાઓ: સત્તા, કાર્યો અને જવાબદારી. વૈધાનિક, નિયમનકારી અને અર્ધ-ન્યાયિક સંસ્થાઓ.
3. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ.
4. ભારતમાં ન્યાયપાલિકા-માળખુ અને કાર્યો, ન્યાયિક સમીક્ષા, જનહિત યાચિકા, સીમાચિન્હ ચુકાદાઓ વગેરે.
5. ભારતની વિદેશ નીતિ- આંતરરાષ્ટ્રીય સંબંધો- મહત્વની સંસ્થાઓ, એજન્સી, વિવિધ સંગઠનો, તેમનું માળખું અને કાર્ય, વગેરે.
6. કેન્દ્ર અને રાજ્ય સરકારની અગત્યની નીતિઓ અને કાર્યક્રમો.

## તાર્કિક અને બૌદ્ધિક ક્ષમતા

1. તાર્કિક અને વિશ્લેષણાત્મક ક્ષમતા
2. નિર્ણય લેવાની તથા સમસ્યાનો ઉકેલ કરવાની ક્ષમતા
3. સામાન્ય બૌદ્ધિક ક્ષમતા
4. મૂળભૂત સંખ્યાત્મક ક્ષમતા
5. માહિતીનું અર્થઘટન (ચાર્ટ, ગ્રાફ, કોષ્ટકો, ડેટા પર્યાપ્તતા વગેરે).

## ભારત અને ગુજરાતનું અર્થતંત્ર

1. અર્થશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો અને વિભાવનાઓ.
2. સ્વતંત્રતાના પૂર્વે ભારતીય અર્થતંત્ર, ભારતમાં આયોજનની કામગીરી; મોડેલો અને સમયાંતરે તેમાં આવેલા ફેરફારો વગેરે, નવા આર્થિક સુધારાઓ, નીતિ આયોગ ઈત્યાદિ.
3. કૃષિ ક્ષેત્ર: મુખ્ય પાકો, પાકની તરેહ અને સિંચાઈ વગેરે, સંસ્થાકીય માળખું - ભારતમાં જમીન સુધારણાઓ; કૃષિમાં ટેકનોલોજીકલ પરિવર્તનો, કૃષિ નીપજક અને ઉત્પાદનોની ભાવનીતિ; કૃષિ અને ઉદ્યોગ વચ્ચે વેપારની શરતો; કૃષિ વિત્તિય નીતિ; વેચાણ અને સંગ્રહ; ખાદ્ય સુરક્ષા અને જાહેર વિતરણ વ્યવસ્થા, હરિત ક્રાંતિ, ટકાઉ ખેતી અને જૈવિક ખેતી માટેની નીતિ, વગેરે.
4. ઔદ્યોગિક નીતિ; જાહેર ક્ષેત્રના સાહસો; ખાનગીકરણ અને વિનીવેશિકરણ; ઔદ્યોગીકરણની વૃધ્ધિ અને તરેહ; નાના પાયાના ઉદ્યોગોનું ક્ષેત્ર: ઔદ્યોગિક ક્ષેત્રમાં ઉત્પાદકતા; ખાસ આર્થિક વિસ્તાર (SEZ) અને ઔદ્યોગિકરણ. વિદેશી મૂડીરોકાણ અને સ્પર્ધાની નીતિ, વગેરે.
5. ભારતીય અર્થતંત્રમાં આંતરમાળખું: આંતરમાળખાકીય સુવિધાઓ; પાણી પુરવઠો અને સ્વચ્છતા, ઉર્જા અને વીજળી, વિજ્ઞાન અને ટેકનોલોજી, ગ્રામીણ અને શહેરી આંતરમાળખાગત સુવિધાઓ, બંદરો, માર્ગો, હવાઇમથકો, રેલવે, ટેલિકમ્યુનિકેશન વગેરે. સોશિયલ ઇમ્પેક્ટ અસેસમેન્ટ, વગેરે.

6. સમયાંતરે વસ્તીના માળખાના વલણો અને તરેહ - વૃદ્ધિ દર, જાતિ, ગ્રામીણ અને શહેરી સ્થાનાંતરણ, સાક્ષરતા, પ્રાદેશિક; ગરીબી અને અસમાનતાનું માળખું અને વલણો; બેકારી-વલણો, માળખું અને રાષ્ટ્રિય ગ્રામ્ય રોજગાર નીતિઓ. વિકાસના વિવિધ નિર્દેશકો, વગેરે.
7. ભારતીય જાહેર વિત્ત વ્યવસ્થા: ભારતીય કર પધ્ધતિ, જાહેર ખર્ચ, જાહેર દેવું, ભારતીય અર્થતંત્રમાં ખાદ્ય અને સહાય, કેન્દ્ર અને રાજ્યના નાણાકીય સંબંધો, તાજેતરના રાજકોષીય અને નાણાકીય નીતિઓના મુદ્દાઓ અને તેમની અસરો, વસ્તુ અને સેવા કર (GST) , વગેરે.
8. ભારતના વિદેશ વ્યાપારના વલણો, સંરચના, માળખું અને દિશા. સુધારાઓ પછીના સમયમાં ભારતની લેણદેણની તુલાની સ્થિતિ, વગેરે.
9. ગુજરાતનું અર્થતંત્ર: ગુજરાતમાં સામાજિક ક્ષેત્રો; શિક્ષણ, આરોગ્ય અને પોષણ. વર્તમાન દાયકાઓમાં ગુજરાતનું અર્થતંત્ર, ભારત અને પ્રમુખ રાજ્યોની તુલનાએ કૃષિની મુખ્ય સમસ્યાઓ, વન, જળ સંશાધનો, ખાણ, ઉધોગ અને સેવા ક્ષેત્ર. આર્થિક અને સામાજિક માળખાગત સુવિધાઓના વિકાસની નીતિઓ, વગેરે.

## ભૂગોળ

1. સામાન્ય ભૂગોળ: સૂર્યમંડળના ભાગરૂપ પૃથ્વી, પૃથ્વીની ગતિ, સમય અને ઋતુની વિભાવના, પૃથ્વીની આંતરિક સંરચના, મુખ્ય ભૂમિ સ્વરૂપો અને તેની લાક્ષણિકતાઓ, વાતાવરણની સંરચના અને સંગઠન, આબોહવાના તત્વો અને પરિબળો, વાયુ સમુચ્ચ અને વાતાગ્ર, વાતાવરણીય વિક્ષોભ, આબોહવાકીય બદલાવ, મહાસાગરો: ભૌતિક, રાસાયણિક, જૈવિક લાક્ષણિકતાઓ, જલીય આપત્તિઓ, દરિયાઇ અને ખંડીય સંસાધનો, વગેરે.
2. ભૌતિક ભૂગોળ: ભારત, ગુજરાત અને વિશ્વના સંદર્ભમાં, મુખ્ય પ્રાકૃતિક વિભાગો, ભૂકંપ અને ભૂસ્ખલન, કુદરતી અપવાહ, મૌસમી આબોહવાના પ્રદેશો, વાતાવરણીય વિક્ષોભ, ચક્રવાત, કુદરતી વનસ્પતિ: રાષ્ટ્રીય ઉધાન અને અભયારણ્ય, જમીનના મુખ્ય પ્રકારો, ખડકો અને ખનિજો, વગેરે.
3. સામાજિક ભૂગોળ: ભારત, ગુજરાત અને વિશ્વના સંદર્ભમાં: વસ્તીનું વિતરણ, વસ્તી ઘનતા, વસ્તીવૃદ્ધિ, સ્ત્રી પુરુષ પ્રમાણ, સાક્ષરતા, વ્યવસાયિક સંરચના, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વસ્તી, નૃજાતિ સમૂહ, ભાષાકીય સમૂહ, ગ્રામીણ-શહેરી ઘટકો, શહેરીકરણ અને સ્થળાંતર, મહાનગરીય પ્રદેશો, વગેરે.
4. આર્થિક ભૂગોળ: અર્થતંત્રના મુખ્ય વિભાગ, કૃષિ, ઉધોગ, સેવાઓ, તેમની મુખ્ય લાક્ષણિકતાઓ, પાયાના ઉધોગો - કૃષિ, ખનીજ, જંગલ, ઇંધણ (બળતણ) અને માનવ શ્રમ આધારિત ઉધોગો, પરિવહન અને વેપાર, વગેરે.
5. વર્તમાન પ્રવાહોના સંદર્ભમાં ભૂગોળ.

## વિજ્ઞાન અને ટેકનોલોજી

1. વિજ્ઞાન અને ટેકનોલોજી: વિજ્ઞાન અને ટેકનોલોજીનું સ્વરૂપ અને ક્ષેત્ર, રોજબરોજના જીવનમાં વિજ્ઞાન અને ટેકનોલોજી તથા તેની પ્રસ્તુતતા, વિજ્ઞાન-ટેકનોલોજી અને ઇનોવેશન અંગેની રાષ્ટ્રીય નીતિ, ભારતમાં વિજ્ઞાન ટેકનોલોજી અને ઇનોવેશન સાથે સંકળાયેલા વિવિધ સંસ્થાઓ, તેમની પ્રવૃત્તિઓ અને યોગદાન, પ્રસિદ્ધ ભારતીય વૈજ્ઞાનિકોનું યોગદાન, વગેરે.

2. ઇન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી (આઇસીટી): આઇસીટીનું સ્વરૂપ અને ક્ષેત્ર, રોજ બરોજના જીવનમાં આઇસીટી, આઇસીટી અને ઉદ્યોગ, આઇસીટી અને ગવર્નન્સ, આઇસીટીને ઉત્તેજન આપતી વિવિધ યોજનાઓ, નેટીક્વેટ્સ, સાયબર સિક્યુરિટી, નેશનલ સાયબર ક્રાઇમ પોલિસી, વગેરે.
3. અંતરીક્ષ/અવકાશ અને સંરક્ષણ સેવામાં ટેકનોલોજી: ભારતીય અંતરીક્ષ કાર્યક્રમની ઉત્ક્રાંતિ/વિકાસ, ઇસરો (ISRO) તથા અન્ય સંસ્થાઓ, તેમની પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓ, વિવિધ સેટેલાઇટ કાર્યક્રમો, ડીઆરડીઓ (DRDO) અને ભારતીય મિસાઇલ કાર્યક્રમ, વગેરે.
4. ઊર્જાની જરૂરિયાત અને કાર્યક્ષમતા: ભારતની પ્રવર્તમાન ઉર્જા જરૂરિયાત અને ઘટ, ભારતના ઊર્જા સ્ત્રોતો અને આધારિતતા, ભારતની ઊર્જા નીતિ-સરકારની નીતિઓ અને કાર્યક્રમો, વગેરે.
5. ભારતની પરમાણુ નીતિ અને તેની વિશ્વ પ્રત્યે પ્રતિબદ્ધતા: ભારતનો પરમાણુ ઉર્જા કાર્યક્રમ, અન્ય દેશો સાથે ભારતની પરમાણુ સહકારીતા, ભારત અને ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપ, ભારતની પરમાણુ હથિયાર નીતિ, પરમાણુ હથિયાર અપ્રસાર અને પ્રતિબંધ બાબતે વિવિધ સંધિઓ, કોન્ફરન્સ અને શિખર પરિષદ, વગેરે.
6. પર્યાવરણ વિજ્ઞાન: પર્યાવરણને લગતા મુદ્દાઓ અને તેના કાયદાકીય પાસા, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પર્યાવરણની જાળવણી માટે નીતિઓ અને સંધિઓ, બાયોડાયવર્સિટી (જૈવ વિવિધતા), ક્લાઇમેટ ચેન્જ, આંતરરાષ્ટ્રીય પ્રયત્નો (નીતિઓ અને પ્રોટોકોલ) તથા ભારતની પ્રતિબદ્ધતા, વન અને વન્યજીવન; વન અને વન્યજીવન સંરક્ષણ માટે કાયદાકીય માળખું. પર્યાવરણીય આપત્તિઓ, પ્રદૂષણ તથા સંલગ્ન બાબતો, કાર્બન ઉત્સર્જન, વૈશ્વિક ગરમી (તાપ વૃધિ), ક્લાઇમેટ ચેન્જ અને આપત્તિ વ્યવસ્થાપન તથા તે બાબતે નેશનલ એક્શન પ્લાન. સ્વાસ્થ્ય અને પર્યાવરણ, વગેરે.
7. બાયોટેકનોલોજી, નેનો ટેકનોલોજી અને અન્ય ઉભરતી ટેકનોલોજીના સ્વરૂપ, ક્ષેત્ર અને ઉપયોગ/અમલ; નૈતિક, સામાજિક અને કાયદાકીય મુદ્દાઓ, સરકારી નીતિઓ તથા તેની માનવ જીવન પર અસર, વગેરે.
8. વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે સંકળાયેલી વિવિધ સંસ્થાઓ, તેના કાર્યો, અને યોગદાન વગેરે.

**સામાન્ય જ્ઞાન તથા પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મહત્વની સાંપ્રત ઘટનાઓ.**

R-5

# તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, વર્ગ-૨ ની પ્રાથમિક કસોટીના ભાગ-૨ નો અભ્યાસક્રમ

**માધ્યમ: ગુજરાતી** **કુલ પ્રશ્નો: ૨૦૦** **કુલ ગુણ :૨૦૦**

1. ધી બોમ્બે પ્રાઈમરી એજ્યુકેશન એક્ટ, ૧૯૪૭ સુધારા સાથે અને મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, ૧૯૪૯.
2. બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ તથા તે અંતર્ગત બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨.
3. સાક્ષરતા અને નિરંતર શિક્ષણનું મહત્વ તથા સાક્ષરતા સંદર્ભે અમલમાં મૂકાયેલ યોજનાઓ.
4. ભારતમાં શિક્ષણ તંત્ર અને પ્રણાલી- ભૂતકાળ અને વર્તમાન, ગુજરાતના શિક્ષણ માળખાનો ખ્યાલ, શિક્ષણ વ્યવસ્થા-ત્રુટીઓ, પ્રાથમિક શિક્ષણ; તાલીમ વ્યવસ્થા, મહત્વ, પ્રાથમિક શિક્ષણની જાહેર પરીક્ષા વ્યવસ્થા, માળખુ-સંચાલન, શૈક્ષણિક સંસ્થાના પ્રશ્નો અને ઉપાયો, પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલા વિવિધ સંસ્થાઓની ભૂમિકા-માળખું અને કાર્યો.
5. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ પ્રાથમિક શિક્ષણની યોજનાઓ.
6. ગુજરાત એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન્સ સર્વિસીસ ટ્રિબ્યુનલ એક્ટ, ૨૦૦૬.
7. લોક પ્રશાસન(જાહેર વહીવટ) નો અર્થ, પ્રકૃતિ તથા કાર્યક્ષેત્ર, લોક પ્રશાસનમાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ
8. ભાવનાત્મક બુધ્ધિમત્તા, ખ્યાલ, વહીવટ અને શાસનમાં તેની ઉપયોગીતા
9. નીતિશાસ્ત્ર સંબંધિત મુદ્દાઓ અને પડકારો- ભ્રષ્ટાચાર, લોકપાલ, લોકાયુક્ત
10. શિક્ષણ ક્ષેત્રે વિવિધ પંચોની ભલામણ.
11. ભારતમાં શિક્ષણના હેતુઓ અને કાર્યક્ષેત્ર.
12. શિક્ષણ સંદર્ભેની બંધારણીય જોગવાઈઓ
13. વૈશ્વિક સંદર્ભમાં બદલાતા જતા પરિપ્રેક્ષ્ય સાથે શિક્ષણમાં નાવિન્યકરણ અને સંશોધન.
14. ઉક્ત ક્ષેત્રોના તથા Pedagogy (શિક્ષણકળા અથવા અધ્યાપનશાસ્ત્ર)ના સાંપ્રત પ્રવાહો અને તાજેતરના સંશોધનો.
15. શિક્ષણ વિષયક પાયાની સંકલ્પનાઓ: શિક્ષણ, શિક્ષિત વ્યક્તિ (educated person), અધ્યયન (learning), અને અધ્યાપન (teaching).
16. અધ્યયનના મનોવિજ્ઞાન (psychology of learning)ના શૈક્ષણિક ફલિતાર્થો (educational implications).
17. અધ્યાપનનું સામાન્ય મૉડલ (general model of teaching).
18. તથ્યો અથવા હકીકતો (facts), સંકલ્પનાઓ (concepts), નિયમો કે સિદ્ધાન્તો (principles), અને મનોવલણો, મૂલ્યો, તથા વૈજ્ઞાનિક માનસ (scientific temperament) માટેના વિદ્યાર્થીઓ દ્વારા થતા અધ્યયન માટેના અધ્યાપનની વિશેષતાઓ.

Scanned with OKEN Scanner

19. બાલ્યાવસ્થા અને કિશોરાવસ્થાના સંદર્ભમાં વિકાસાત્મક મનોવિજ્ઞાન (developmental psychology)ની શિક્ષકને ઉપયોગિતા.

20. વિદ્યાર્થીઓમાં અધ્યયન માટેની પ્રેરણા (motivation)ના અભાવનાં કારણો અને ઉપાયો.

21. શૈક્ષણિક મૂલ્યાંકન: સંકલ્પના, મહત્ત્વ, અને મુખ્ય પ્રકારો – શૈક્ષણિક મૂલ્યાંકનની વિવિધ પ્રયુક્તિઓ.

22. શિક્ષણના પ્રશાસન (administration), સંગઠન (organization), અને પ્રબંધ કે સંચાલન (management)ની સંકલ્પનાઓ.

23. અધ્યાપન માત્ર ધંધો (occupation) નહિ, પણ વ્યવસાય (profession) બને તે માટેના માપદંડો (criteria).

24. શાળાના નિરીક્ષણ (supervision) અને અધીક્ષણ (inspection)ની જરૂરિયાત અને પ્રયુક્તિઓ – અધીક્ષક તરીકે શિક્ષણાધિકારીની ભૂમિકા.

25. શિક્ષણના પ્રશાસન અને અધીક્ષણમાં પ્રત્યાયન (communication)ના પાયાના સિદ્ધાન્તો અને પ્રયુક્તિઓ.

26. વર્ગખંડ, શાળા, અને તાલુકા સ્તરીય શિક્ષણમાં માનવ સંબંધોનું સંચાલન – શિક્ષણમાં સંઘર્ષ નિવારણના ઉપાયો.

27. સાંવેગિક બુદ્ધિ (emotional intelligence): તેની સંકલ્પના (concept) અને પ્રશાસન (administration) તથા સંચાલન (management)માં તેની ઉપયોગિતા.

28. માહિતી અને પ્રત્યાયનની ટેક્નોલોજી (information and communication technology – ICT)ની શિક્ષણના ક્ષેત્રમાં વર્તમાન સમયમાં અગત્ય અને ઉપયોજન (application).

29. વર્ગખંડ અને શાળાની સ્થાનિક સ્તરની સમસ્યાઓના ઉકેલ માટે ક્રિયાત્મક સંશોધન (action research)નું મહત્ત્વ અને ક્રિયાત્મક સંશોધનની પ્રવિધિ (procedure).

30. ભારતમાં શિક્ષણ નીતિઓ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (National Education Policy - NEP 2020) અનુસાર શિક્ષણ ન્યાયી અને સર્વસમાવેશક (equitable and all-inclusive) બને તેમાં પ્રાથમિક શિક્ષણાધિકારીની ભૂમિકા.

31. ઉપરોક્ત ક્ષેત્રોમાં વર્તમાન પ્રવાહો અને તાજેતરની પ્રગતિ.

(Prasun Patel)
DEPUTY SECRETARY
GUJARAT PUBLIC SERVICE COMMISSION

Scanned with OKEN Scanner